# શહેરમાં ડહોળા પાણીનો કકળાટ

**જન આરોગ્ય સામે જોખમ !! : પ્રતિદિન ૫ .૪૦ કરોડ લીટર નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે : મુખ્યકેનાલમાંથી પાણીની આવક વધતા ડહોળા પાણીની સમસ્યા પેચીદી બની**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદોથી સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો છે. અત્યંત ડહોળુ અને કાળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠતા નગરજનોમાં આરોગ્ય મામલે પણ ઘેરી ચિંતા પ્રવર્તી છે. નર્મદાની મુખ્યકેનાલમાં પાણીની આવક વધતા ડહોળા પાણીની સમસ્યા ઉદભવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે પાણીમાં પોલી એલ્યુમિનિયમ કલોરાઇડનુ પ્રમાણ પણ વધારી દેવાયુ છે. આજથી સપ્લાય થતા પાણીમાં ડહોળાશનુ પ્રમાણ ઘટશે તેમ પણ તંત્ર જણાંવી રહ્યુ છે. જો કે રોજબરોજ પાણીના નમુનાની ચકાસણી થતા આ પાણી પીવાલાયક હોવાનુ પણ પાણી પુરવઠા વિભાગે જણાંવ્યુ છે. શહેરમાં પ્રતિદિન ૫ કરોડ ૪૦ લાખ લીટર નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. ત્યારે ડહોળા પાણીની સમસ્યા હજુ થોડા દિવસ રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ડહોળુ પાણી આવતો હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. શહેરમાં સેકટરોમાં સપ્લાય થતુ પાણી કાળા રંગનુ અને એટલી હદે ડહોળુ હોય છે કે શહેરીજનો આ પાણી પીવાનુ જ નહીં પરંતુ જોવાનુ પણ પસંદ કરતા નથી. સેકટરોમાં સવારે નળમાં અત્યંત ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદોથી નગરજનોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. જયારે પાણીની ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાતા જન આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો ભય સ્થાનિકોમાં પ્રવર્તયો છે. સેકટરોમાં ઘણીવાર ગટર તેમજ પાણીની લાઈનમાં ભંગાણ થવાના લીધે દુષિત પાણી મિશ્રિત થતા રોગચાળાની સ્થિતિ ઉદભવે છે. પરંતુ હાલ આવા કોઈ કારણવગર જ ડહોળુ પાણી આવતા નગરજનોમાં પણ આશ્ચર્ય પ્રવર્તયો છે. સવારે સપ્લાય થતા પાણીની ટર્બિલીટી અત્યંત વધુ હોવાથી પાણી પોર્ટેબલ છે કે કેમ તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે. પાણી પીવાલાયક ન હોવાનુ માનતા નગરજનો મિનરલ બોટલ મંગાવીને પાણીની જરૂરિયાત સંતોષે છે. વરસાદી ઋતુ દરમિયાન શહેરમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા નગરજનોને રોગચાળાનો ભય પણ સતાવે છે. પાણી ડહોળુ આવતા નગરજનો નળમાં આવતુ પાણી પીવાના ઉપયોગમાં લેવાનુ ટાળી રહ્યા છે. બીજીતરફ મુખ્ય નર્મદા કેનાલમાં પાણીનો સપ્લાય વધતા સબ કેનાલમાં પણ પાણીની આવક વધતા ડહોળા પાણીની સમસ્યા ઉભી થઈ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. પાણી પુરવઠા વિભાગના જણાંવ્યા મુજબ શહેરમાં સપ્લાય થતો પાણી પુરવઠો ડહોળો હોય છે તે હકીકત છે પરંતુ પાણી ચોક્કસ પીવાલાયક છે. પાણીના નમુનાઓની રોજબરોજ જરૂરી ચકાસણી કરવામાં આવે છે. પાણી બેકટેરીયલ ટ્રીટમેન્ટના અંતે શુધ્ધ કરીને જ સપ્લાય કરવામાં આવે છે. કેનાલમાં ટર્બિલીટી વધુ હોવાથી નળમાં પણ ડહોળુ પાણી આવે છે. આજે કેનાલમાં પાણીનો સપ્લાય ઘટાડી દેવાયો છે. જયારે પાણીમાં પોલી એલ્યુમિનિયમ કલોરાઈડનુ પ્રમાણ પણ ૧ પી પી એમથી વધારી ૨ પી પી એમ કરી

● અનુસંધાન પાન-૭ પર

**સેકટરોમાં નળમાંથી અત્યંત ડહોળુ અને કાળુ પાણી આવતા શહેરીજનો પાણી પીવાનુ નહી જોવાનુ પણ પસંદ કરતા નથી : પાણીના નમુનાની રોજ ચકાસણી થાય છે પાણી પીવાલાયક છે : પાણી પુરવઠા વિભાગ : ટર્બિલીટી ઘટાડવા માટે પાણીમાં પોલી એલ્યુમિનિયમ કલોરાઇડનુ પ્રમાણ ૨ પી પી એમ કરી દેવાયુ : આજથી પાણીમાં ડહોળાશનુ પ્રમાણ ઘટી જશે**



### પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ પણ અપગ્રેડ થયો નથી

ગાંધીનગરમાં પાણી પુરવઠાને અનુલક્ષીને અનેકવાર સવાલો મંડરાતા રહે છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર પણ અવારનવાર કાને અથડાય છે. જયારે સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તાના મામલે પણ અનેકવાર પ્રશ્નાર્થ મંડરાય છે. ત્યારે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટને પણ દાયકાઓના અંતે અપગ્રેડ કરાયો ન હોવાથી પાણીની ગુણવત્તાનો મામલો વધુ પેચીદો બનતો જાય છે. શહેરમાં એક થી દોઢ લાખની વસતીના અંદાજ મુજબ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરાયો હતો. જયારે આજે દાયકાઓના અંતે પાણીની વધતી જરૂરીયાત તેમજ વધતા સપ્લાયની સામે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ અપગ્રેડ કરવાની યોજના હજુ પણ અધ્ધરતાલ છે. પાણીની વધતી જરૂરિયાત અને વપરાશની સમકક્ષ પ્લાન્ટ નિર્માણ કરવાનુ આયોજન થયુ નથી. અગાઉ પુર્વ મેયર પ્રવિણ પટેલે પણ આ અંગે શુધ્ધિકરણ પ્લાન્ટને અપગ્રેડ કરવા માટે પત્ર લખ્યો હતો. પરંતુ હજુ સુધી આ મામલે કાંઈ થયુ નથી.

### સે.૧૭ના સરકારી આવાસમાં લીલ-કચરો આવતો હોવાની ફરિયાદ

શહેરના સેકટરોમાં અત્યંત ડહોળા પાણીનો સપ્લાય આવતા રહીશો અચરજમાં છે. જયારે સપ્લાય થતા આ પાણીના વપરાશ માટે પણ મુંઝવણની સ્થિતિમાં મુકાયા છે. પાણીમાં ડહોળાશનુ પ્રમાણ એટલી હદે વધુ હોય છે કે સેકટરવાસીઓ પાણી પીવા કરતા જોવાનુ પણ પસંદ કરતા નથી. આવા સંજોગોમાં કેટલાક ઠેકાણે પાણીની સાથે લીલના પોપડા પણ તણાંઇ આવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૧૭ ના સરકારી આવાસમાં પાણીમાં લીલ-કચરો આવતો હોવાની ફરિયાદ પણ સ્થાનિકોના રોષનુ કારણ બની છે.

### ડહોળુ પાણી પણ ફોર્સથી આવતુ નથી !!

શહેરમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા જન આરોગ્ય સામે ખતરો મંડરાયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. એકબાજુ ડહોળુ પાણી આવી રહ્યુ છે. બીજીતરફ આ પાણી પીવાલાયક હોવાનુ તંત્રએ જણાંવ્યુ છે. નર્મદાની મુખ્યકેનાલમાં પાણીની આવક વધતા ડહોળા પાણીની સમસ્યા ઉભી થઈ હોવાનુ તંત્ર જણાંવી રહ્યુ છે. બીજીતરફ સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. ડહોળુ પાણી પણ ફોર્સથી ન આવતુ હોવાનો આક્રોશ પણ સેકટરવાસીઓ વ્યકત કરી રહ્યા છે.



યજ્ઞોપવિત - શહેરના બ્રહ્મભવન ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજાયેલ યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા... શ્રાવણ સુદ પૂર્ણિમાએ યજ્ઞોપવિત બદલવાની પરંપરા સમગ્ર દેશમાં જળવાઈ છે... યજ્ઞોપવિત ધારણ કરતા બ્રાહ્મણ પરિવારો શ્રાવણીએ વિધિવત પૂજન-અર્ચન સાથે યજ્ઞોપવિત પ્રતિવર્ષ બદલે છે... મંત્રોચ્ચાર વચ્ચે બદલાતી યજ્ઞોપવિતની હૃદયસ્પર્શી પરંપરા સંસ્કૃતિનો સાક્ષતકાર કરાવે છે.

## ૨૪મી ઓગષ્ટે જળશક્તિ અભિયાન અંતર્ગત જિલ્લામાં ખાસ ગ્રામસભાઓ યોજાશે

**ભારત સરકારના નિર્દેશ પછી પંચાયત વિભાગ હરકતમાં આવ્યુ અને ગ્રામસભાના આદેશો છુટ્યા**

ગાંધીનગર, તા. ૧૬

જળશક્તિ અભિયાનને લઈ આગામી ૨૪મી ઓગષ્ટના રોજ જિલ્લામાં ખાસ ગ્રામસભાઓ યોજવામાં આવશે.

ભારત સરકારના નિર્દેશને પગલે રાજયના વિકાસ કમિશ્નરશ્રીએ રાજયના જિલ્લાઓમાં ૨૪મીના રોજ ખાસ ગ્રામસભાઓ યોજવા અંગેની સૂચનાઓ જારી કરી છે.

જળશક્તિ અભિયાનની સફળતા માટે ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક લોકોની ભાગીદારી જરૂરી છે. રાજયની તમામ ગ્રામપંચાયતના સરપંચશ્રી અને સભ્યશ્રીઓ જળશક્તિ અભિયાનની આગેવાની લઈ સમુદાય શિક્ષણ અને જળ સંગ્રહના યોગ્ય નિદર્શનાત્મક પગલાંઓને પ્રોત્સાહન આપવા માટે ખાસ ગ્રામસભા યોજવાની રહેશે.

૨૪મીએ ગ્રામસભા યોજી શકાય એમ ના હોય તો ૨૫મીએ અથવા મોડામાં મોડી ૨૬મી એ આ ગ્રામસભા યોજવાની રહેશે અને તે ગ્રામસભાના ફોટા પાડી મોબાઈલ એપ્લીકેશનથી તે ભારત સરકારને મોકલવાના રહેશે.

૧લી જુલાઈથી અમલી બનેલ જળશક્તિ અભિયાનનો પ્રથમ તબક્કો ૧૫મી સપ્ટેમ્બર સુધી ચાલશે.

આ ગ્રામસભામાં જળ સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ, પરંપરાગત અને અન્ય જળ સંસ્થાઓ/ટાંકીનું નવીનીકરણ, બોરવેલ રિચાર્જ સ્ટ્રક્ચર્સ, વૉટરશેડ વિકાસ તેમજ સઘન વનીકરણના મુદ્દાઓ પર ચર્ચા કરવાની રહેશે.

ભારત સરકારે આ ખાસ ગ્રામસભા યોજવા માટે પત્ર લખી જણાવ્યુ છે. જેમાં આખા દેશમાં ૨૫૬ જિલ્લાઓમાં હાથ ધરાયેલ જળશક્તિ અભિયાનને નવો વેગ મળશે.

જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત ૧૧૧ જેટલા

● અનુસંધાન પાન-૭ પર

## આજે મહેસુલી કર્મચારીઓના ધરણા

ગાંધીનગર, તા. ૧૬

આજે જિલ્લાના મહેસુલી કર્મચારીઓ પથિકાશ્રમ પાસેની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરશે.

રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળે પડતર પ્રશ્નો અંગે સરકાર દ્વારા કોઈ જ સાનુકૂળ પ્રતિસાદ ના મળતાં આંદોલનનો માર્ગ અપનાવવાની જાહેરાત કરી છે.

પ્રથમ તબક્કામાં ૧૭મીએ રાજયભરના જિલ્લા મથકો પર ધરણા યોજવામાં આવશે. આ પછી ૧૯મીથી વર્ક ટુ રૂલ પર આ કર્મયોગીઓ જશે.

રાજયભરમાં યોજાનાર ધરણાનો કાર્યક્રમ યથાવત હોવાનું મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ આજે જણાવ્યુ હતુ. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦.૩૦થી આ ધરણા શરૂ થશે અને તે સાંજે ૫ વાગ્યા સુધી રહેશે.

# વરસાદી મોસમનો વિચિત્ર મિજાજ

**સુસ્તી અનુભવતા નગરજનો : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો તફાવત છતા બપોરે ઉકળાટ : આકાશમાં ગોરંભાયેલા ઘનઘોર વાદળો વચ્ચે વરસાદની હાથતાળી**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળી રહ્યો છે. સતત વરસાદી વાતાવરણના લીધે નગરજનો સુસ્તી અનુભવી રહ્યા છે. આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળોની હાજરી વચ્ચે મેઘરાજા હાથતાળી આપી અદ્રશ્ય થઈ જાય છે કયારેક છુટાછવાયા ઝરમર વરસાદના લીધે ભીંજારાનુ વાતાવરણ યથાવત છે. વરસાદી મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો સુસ્તી અનુભવી રહ્યા છે. જનઆરોગ્ય પણ પ્રભાવિત છે.



ગાંધીનગરમાં વરસાદી મોસમ શ્રાવણના પ્રારંભે નિખર્યા બાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી અલપ ઝલપ વરસતા મેઘરાજા રોજબરોજ હાથતાળી આપી અદ્રશ્ય થઈ જાય છે .આ સ્થિતિમાં રોજ બરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે ક્યારેક ઝરમર વરસતા વરસાદથી શહેરમાં ભીંજારોનો માહોલ સતત જોવા મળી રહ્યો છે. વરસાદી અને વાદળિયા વાતાવરણના લીધે નગરમાં મચ્છર ઉત્તપ્તિ સ્થાનો વધતા રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. જયારે વરસાદના આ મિજાજથી નગરજનો સુસ્તી અનુભવી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. બીજીતરફ છેલ્લા ત્રણ ચાર દિવસથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. રોજ કાળા ડીબાંગ વાદળોથી આકાશ છવાયેલુ રહે છે. પરંતુ વરસાદ વરસતો નથી. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૨ થી ૯૩ નોંધાયુ છે. જયારે મહત્તમ તાપમાન ૨૮.૬ અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી નોંધાયુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ માત્ર ૩ ડીગ્રીનો તફાવત છે. આવા સંજોગોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે પણ વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો ઉકળાટ મહેસુસ કરી રહ્યા છે. વરસાદી વાદળોનો આકાશમાં સતત ઘેરાવો જોવા મળે છે. પરંતુ વરસાદ મનમુકીને વરસતો નથી. આકાશમાં સુરજદાદા પણ દેખા ન દેતા વાદળિયા વાતાવરણ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. વરસાદી મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા છે.

## મુખ્યમંત્રી વિજય રૂપાણી બે દિવસ કેવડિયાની મુલાકાતે

**મોદીના કાર્યક્રમની સુરક્ષા અંગે બેઠક : આજે રૂપાણી કેવડિયા કોલોનીમાં વિવિધ પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લેશે અને અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે**

ગાંધીનગર, તા.૧૬

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી તા.૧૬ અને ૧૭ ઓગષ્ટના બે દિવસ કેવડિયાની મુલાકાતે છે. આગામી મહિને વડાપ્રધાન મોદીના આગમનને લઈને તૈયારીઓ અને સુરક્ષા અંગે અધિકારીઓ સાથે બેઠક કરીને મુખ્યમંત્રી તમામ વિકાસના કામોની મુલાકાત કરશે અને સમગ્ર પરિસ્થિતિનું બારીકાઈથી નીરીક્ષણ કરશે.

કેવડિયા ખાતે આગામી તા.૧૩, ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર વિદેશ નીતિને લઈને રાષ્ટ્રીય કક્ષાની બેઠક યોજાનાર છે. જેમાં તા.૧૫ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે, ત્યારબાદ તા.૩૧ ઓક્ટોબરના ફરી વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ માટે વડાપ્રધાન કેવડિયા આવશે. આમ બે વખતની પીએમની કેવડિયાની મુલાકાતને લઈને સુરક્ષા માટેની સમીક્ષા અને ૩૦ પ્રોજેક્ટોના કામો વહેલા પૂર્ણ કરવા સાથે જરૂરી સૂચના અને કામગીરીનું નિદર્શન કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણી બે દિવસ કેવડિયાની મુલાકાતે છે.

## સંકલન સમિતિની ૩૧મીએ બેઠક

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક ૩૧મી ઓગષ્ટના રોજ મળશે.

૧૭મી ઓગષ્ટે પતેતીની રજા હોવાથી આ બેઠક હવે ૩૧મીએ મળશે. જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક દર મહિનાના ત્રીજા શનિવારે મળતી હોય છે. આ બેઠકમાં ધારાસભ્યો દ્વારા પ્રજાના પ્રશ્નો રજુ થતા હોય છે.



**શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ બેસણું**

અમારા પૂજ્ય માતૃશ્રી **આનંદીબેન બાબુલાલ મોદી** તા.૧૫-૮-૨૦૧૯ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા.૧૮-૮-૨૦૧૯ને રવિવારના રોજ બપારે ૧:૦૦ થી ૪:૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી મોઢેશ્વરી મોદી સમાજ ભવન, પેથાપુર-રાંધેજા રોડ, પેથાપુર, ગાંધીનગર**

**સ્વ.બાબુલાલ માણેકલાલ મોદી**
**સ્વ.છોટાલાલ માણેકલાલ મોદી**
**રસીકલાલ માણેકલાલ મોદી**
**પ્રણય રજનીકાન્ત મોદી**
**હર્ષિલ પ્રકાશચંદ્ર મોદી**

**રજનીકાન્ત બાબુલાલ મોદી**
નિવૃત,પા.યો.પે.વિ.નં.૪
**પ્રકાશચંદ્ર બાબુલાલ મોદી**
અંગત સચિવ અને અધિક કલેકટર, માન. મંત્રીશ્રી, કૃષિ, ગ્રા.વિ.અને વાહનવ્યવહાર

**(માણેકલાલ કચરાલાલ મોદી પરિવાર,પેથાપુર)**

**અમારા બેન નું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે**

**સ્વ. ચંદુલાલ કોદરલાલ મોદી** — **નટવરલાલ કોદરલાલ મોદી**
**રમણલાલ કોદરલાલ મોદી** — **સ્વ.દશરથલાલ કોદરલાલ મોદી**

**(કોદરલાલ ગણેશરામ મોદી પરિવાર, ઇલોલ)**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com